# પેયજળના પુરવઠામાં ક્લોરીનેશન માટે કડક તાકીદ

## ગાંધીનગર, કલોલ અને દહેગામના કેટલાક વિસ્તારો વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ બની રહે તેવી સંભાવનાઓને ધ્યાને રાખી વિભાગોને સુયોગ્ય સંકલન જાળવવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં અપાતા પેયજળના પુરવઠામાં ક્લોરીનેશન માટે તંત્ર સર્તકતા રાખવાની કડક તાકીદ આજે જિલ્લા કલેક્ટર વ જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. ભટ્ટે કરી હતી.

ખાસ કરીને ચોમાસાના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાની સ્થિતિ ઉભી ના થાય તે માટે તંત્રને એલર્ટ મોડ પર મુકતાં શ્રી ભટ્ટે જણાવ્યું હતું કે દવાખાનાઓમાં દવાઓનો જરૂરી જથ્થો ઉપલબ્ધ હોવો એ પણ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે ઘણા બધા વિસ્તારોમાં પાણીના ક્લોરીનેશન માટે હોતી હૈ ચલતી હૈ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે તે સાંખી લેવામાં આવશે નહિ. તેમણે પાણીના લીકેજીસ શોધવા માટેની કામગીરી ખાસ અભિયાનના રૂપમાં હાથ ધરવા માટે સૂચવ્યું હતું.

શ્રી ભટ્ટે આજની બેઠકમાં વાહક જન્ય રોગચાળા માટે પણ દરેક વિભાગો વચ્ચે સુયોગ્ય સંકલન રહે તેવો આગ્રહ કર્યો હતો. તેમણે સ્વચ્છતા માટે આગ્રહ કરી જણાવ્યું હતું કે મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રો આપણી ઓફિસના ફ્લાવર પોટ કે કુલરો પણ બની શકે છે આ માટે નિયમિત સફાઈ અને તેની જાળવણી વધુ જરૂરી છે.

જિલ્લામાં દહેગામ શહેરને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યા બાદ પ્રથમ વખત સંચારી રોગોની સમીક્ષા માટે બોલાવવામાં આવેલી આ બેઠકમાં ખુબજ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

જિલ્લામાં દહેગામ શહેરને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યા બાદ પ્રથમ વખત સંચારી રોગોની સમીક્ષા માટે બોલાવવામાં આવેલી આ બેઠકમાં ખુબજ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ દહેગામમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવી ગઈ હોવાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે અખાદ્ય પદાર્થોના વેચાણને અટકાવવુ પડશે આ ઉપરાંત પાણીના ક્લોરીનેશન માટે પણ ખુબજ કાળજી લેવામાં આવે તે જરૂરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ, દહેગામ અને માણસાના શહેરી વિસ્તારમાં ઘણા બધા સ્થળોએ પાણીના ક્લોરીનેશન સામે પ્રશ્નાર્થની સ્થિતિ પ્રવર્તી રહી છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ પાણીના ક્લોરીનેશનની કામગીરી નિયમિત નહિ થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

આજની આ બેઠકમાં ગાંધીનગર શહેરમાં જ સે. ૨, સે. ૩૦, ઘ-૨ સર્કલ વિસ્તાર, ઉદ્યોગભવનનું પાર્કિંગ તેમજ વિવિધ કચેરીઓના ધાબાઓ મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગ માટે સંવેદનશીલ હોવાની ચોંકાવનારી હકીકત સાથે મેલેરિયા અધિકારી મમતાબેને સ્વચ્છતા તેમજ વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા માટેનો આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં વાહકજન્ય રોગના મચ્છરોની ઉત્પત્તિને લઈ તેમણે કેટલીક રોચક વાતો પણ તંત્રના અધિકારીઓને કરી હતી તેમજ આ માટે લોકજાગૃતિ અભિયાન તંત્ર છેડવાનું છે તેમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

ગાંધીનગર ઉપરાંત કલોલ દહેગામ અને માણસાના પણ કેટલાક વિસ્તારોમાં મચ્છરજન્ય રોગ માટે સતર્કતા દાખવવામાં આવે તેમ તેમણે જણાવ્યું હતું.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્યે જણાવ્યું હતું કે પાણીના લિકેજીસ શોધી તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે તે જરૂરી છે. તેમણે જિલ્લામાં રોગચાળાની પરિસ્થિતિ ઉભી ના થાય તે માટે સૌના સહયોગ માટે પણ અપીલ કરી હતી.







### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૧-૫-૧૨, મંગળવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૪ S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫. મો ૯૭૧૪૧૯૮૩૬૬
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com